This Question Paper contains 7 printed pages.

Seat No.:

Sl. No. :

# 141(G)

**(March, 2024)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :
1) આ પ્રશ્નપત્રમાં કુલ 64 પ્રશ્નો છે.
2) બધાજ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આન્તરિક છે.
3) જમણી બાજુ આપેલા અંક ગુણ દર્શાવે છે.
4) પ્રશ્નોની સૂચના પ્રમાણે જ જવાબ લખો.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચેના 1 થી 20 પ્રશ્નોના આપેલા વિકલ્પો પસંદ કરી જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[20]**

1) 'ધ્યાનની જનની' તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) શિક્ષણ

(B) જરૂરિયાત

(C) ટેવ

(D) રસ

2) પ્રત્યક્ષીકરણમાં સંગઠનના નિયમો આપનાર મનોવૈજ્ઞાનિકો કયા કયા છે ?

(A) હનિંગ, વોટસન, વર્ધીમર (B) ફ્રોઈડ, જેમ્સવોટ, કોહલર

(C) વર્ધીમર, કોહલર, કોફકા (D) કોફકા, વિલ્હેમવુન્ટ, કોહલર

3) પ્રયત્ન અને ભૂલ દ્વારા શિક્ષણનો પ્રયોગ કોણે કરેલો છે ?

(A) પાવલોવ (B) સ્કિનર

(C) થોર્નડાઈક (D) વોટ્સન

4) કોહલરે કયા પ્રાણી પર પ્રયોગો કર્યા હતા ?

(A) ઉંદર

(B) બિલાડી

(C) કૂતરો

(D) ચિમ્પાન્ઝી



https://www.gujaratboardonline.com

5) બુદ્ધિમત્તાનું માપન કરવાનું સૂત્ર કોણે દર્શાવ્યું હતું ?
   (A) બીને
   (B) વેક્સલર
   (C) સ્ટર્ન
   (D) રેવન

6) રેવનની બુદ્ધિ કસોટી કઈ સાલમાં રચવામાં આવી હતી ?
   (A) ઈ.સ. 1920
   (B) ઈ.સ. 1940
   (C) ઈ.સ. 1936
   (D) ઈ.સ. 1967

7) મનોશારીરિક વર્તનની માનસિક તત્પરતા એટલે શું ?
   (A) પ્રક્રિયા
   (B) મનોવલણ
   (C) પ્રતિક્રિયા
   (D) અપેક્ષા

8) વર્તમાનપત્રો, ટેલિવિઝન, ટેલિફોન અને મોબાઈલ, ઇન્ટરનેટ વગેરે શાનાં સાધન છે ?
   (A) સમૂહ માધ્યમ
   (B) વેચાણ ઘટાડવા
   (C) ધ્યાન
   (D) મનોભાર

9) માનવ જાતને ભારતની અપ્રતિમ ભેટ કઈ છે ?
   (A) ધ્યાન યોગ
   (B) સંગીત અને નૃત્ય
   (C) અભિનય
   (D) વ્યાયામ



https://www.gujaratboardonline.com

10) વોલ્ટર કેનને શારીરિક પ્રતિક્રિયાનું મોડલ ક્યારે રજૂ કર્યું ?

(A) 1920

(B) 1919

(C) 1910

(D) 1905

11) આંતરરાષ્ટ્રીય સ્તરે માનસિક લક્ષણોનું વર્ગીકરણ કઈ સંસ્થા દ્વારા દર્શાવવામાં આવે છે ?

(A) WHO

(B) UNIS

(C) APA

(D) UNO

12) કયું ઉપતંત્ર સુખના સિદ્ધાંતને અનુસરે છે ?

(A) નિમ્ન અહમ્

(B) ઉપરી અહમ્

(C) અહમ્

(D) સ્વ

13) અસરકારક સલાહનાં લક્ષણો નીચે માંથી કોણે દર્શાવ્યા છે ?

(A) પેટ્રરશન

(B) મોર્ગન

(C) જે.બી. વોટ્સન

(D) ફ્રોઇડ

14) મહર્ષિ મહેશ યોગી દ્વારા કયા ધ્યાનનો પ્રસાર થયો ?

(A) વિપશ્યના

(B) ભાવાતીત

(C) માઇન્ડફુલ

(D) લેશ્યા ધ્યાન

15) હવાના પ્રદુષણને લીધે કઈ બિમારીનું પ્રમાણ વધુ જોવા મળે છે ?

(A) કેન્સર

(B) શ્વસનતંત્રના રોગો

(C) ચામડીના રોગો

(D) A, B, C તમામ



https://www.gujaratboardonline.com

16) પર્યાવરણની મોટાભાગની સમસ્યાઓ કેવી છે ?

(A) કુદરતી

(B) આકસ્મિક

(C) માનવસર્જિત

(D) ભૌગોલિક

17) બે અથવા બેથી વધુ વ્યક્તિઓ વચ્ચેની મોઢા-મોઢની વાતચીત એટલે ?

(A) નિરીક્ષણ

(B) સર્વેક્ષણ

(C) મુલાકાત

(D) પ્રયોગ

18) જે સાધન દ્વારા વિજ્ઞાપનનો ફેલાવો થાય તેને વિજ્ઞાપનનું શું કહેવાય ?

(A) માધ્યમ

(B) બજાર

(C) વસ્તુ

(D) ગ્રાહક

19) "વિધાયક મનોવિજ્ઞાન એ લાંબો ઇતિહાસ અને ટૂંકો ભૂતકાળ ધરાવે છે." એવું કોણે નોંધ્યું છે ?

(A) સેલિગમેન

(B) મેસ્લો

(C) પીટરસન

(D) રોજર્સ

20) બિન શાબ્દિક સંકેતોને પારખવામાં કોણ વધુ કુશળ જોવા મળે છે ?

(A) સ્ત્રીઓ

(B) પુરુષો

(C) બન્ને સરખાં કુશળ જોવા મળે છે.

(D) કંઈ કહી ન શકાય

https://www.gujaratboardonline.com

## વિભાગ - B

■ **નીચેના 21 થી 30 પ્રશ્નોના ઉત્તર 1 વાક્યમાં લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** [10]

21) 'પ્રત્યક્ષીકરણમાં સામૂહિકરણ'ના નિયમો મનોવિજ્ઞાનના કયા સંપ્રદાયે આપ્યા ?

22) સી.ટી. મોર્ગને આપેલ શિક્ષણની વ્યાખ્યા આપો.

23) પ્રતિભાસંપન્ન બાળકનો બુદ્ધિ આંક કેટલો હોય છે ?

24) મનોવલણ ઘડતરને અસર કરતાં બે ઘટકો જણાવો.

25) લેઝારસે મૂલ્યાંકનને કયા બે તબક્કાઓમાં વર્ગીકૃત કર્યું છે ?

26) ADHD ની વિકૃતિનું પુરું નામ જણાવો.

27) બોધાત્મક ઉપચાર પદ્ધતિ કોણે આપી ?

28) રેફ્રિજરેટરમાં કયા વાયુનો ઉપયોગ થાય છે ?

29) જરૂરિયાતના ઉચ્ચપદાનુક્રમ (શ્રેણીક્રમ) નો સિદ્ધાંત કોણે આપ્યો છે ?

30) સુખના પ્રકારો જણાવો.

## વિભાગ - C

■ **નીચે આપેલા 31 થી 44 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**
**દરેક પ્રશ્નના 2 ગુણ છે.** [20]

31) ધ્યાન વિચલન એટલે શું ?

32) ચિત્રકારો અને નાટ્ય નિર્દેશકો દૂરના અંતર માટે કયા સંકેતનો ઉપયોગ કરે છે ? શા માટે ?

33) શિક્ષણની તરાહો જણાવો.

34) બુદ્ધિનો શાબ્દિક અર્થ જણાવો.

35) બી. કુપ્પુસ્વામીની મનોવલણની વ્યાખ્યા આપો.

36) મનોવલણ પરિવર્તનની રીતો જણાવો.

https://www.gujaratboardonline.com

37) WHO એ આપેલ માનસિક સ્વાસ્થ્યની વ્યાખ્યા આપો.

38) Reuptake પ્રક્રિયા એટલે શું ?

39) ખુલ્લી જગ્યાના ભયમાં દર્શાવેલ પાંચ પરિસ્થિતિઓ કઈ કઈ છે ?

40) સલાહાર્થી કોને કહેવાય ?

41) ધ્યાનનો અર્થ સ્પષ્ટ કરો.

42) ગંદકી કેવી રીતે ફેલાય છે ? તે સમજાવો.

43) સંસ્થાની વ્યાખ્યા જણાવો.

44) પરણેલા લોકો કોનાથી વધુ સુખી હોય છે ?

## વિભાગ - D

■ નીચે આપેલા 45 થી 58 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે. **[30]**

45) વ્યુત્ક્રમ્ય આકૃતિ એટલે શું ? સમજૂતી આપો.

46) અનુકરણાત્મક શિક્ષણ ઉદાહરણ આપી સમજાવો.

47) માનસિક વય કઈ રીતે ગણવામાં આવે છે ? સમજાવો.

48) પ્રતિભાસંપન્નતાના લક્ષણો વર્ણવો.

49) મનોવલણો જન્મજાત નથી સંપાદિત છે - સમજાવો.

50) સંઘર્ષના પ્રકારોની સમજૂતી આપો.

51) મનોભારની પ્રતિક્રિયા તરીકે શારીરિક પ્રતિક્રિયા સમજાવો.

52) ચેતન મન અને અચેતન મનની સંક્ષિપ્તમાં સમજૂતી આપો.

53) અષ્ટાંગ યોગના પગથિયાં જણાવો.

54) સલાહનો અર્થ સ્પષ્ટ કરો.

55) ઘોંઘાટ પ્રદૂષણની માનવ વર્તન પર અસરો વર્ણવો.



https://www.gujaratboardonline.com

56) પુનઃ ઉપયોગ અને ઊર્જા સંરક્ષણની સમજૂતી આપો.

57) વ્યવસ્થાપન ભૂમિકાઓની સમજૂતી આપો.

58) વ્યક્તિલક્ષી સુખ સમજાવો.

## વિભાગ - E

■ નીચે આપેલા 59 થી 64 પ્રશ્નોમાંથી કોઈપણ 4 પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. દરેક પ્રશ્નના 5 ગુણ છે. [20]

59) ધ્યાનનાં વસ્તુલક્ષી નિર્ધારકો ઉદાહરણ-સહિત સમજાવો.

60) પ્રત્યક્ષીકરણમાં સંગઠનના નિયમો સમજાવો.

61) કોહલરે ચિમ્પાન્ઝી પર કરેલા પ્રયોગો જણાવી, બે લાકડીવાળો પ્રયોગ સવિસ્તાર સમજાવો.

62) થોર્નડાઈકે કરેલા પ્રયોગની ફલશ્રુતિ સમજાવો.

63) ગાર્ડનરનો બહુવિધ બુદ્ધિનો સિદ્ધાંત સમજાવો.

64) 'ગ્રીન હાઉસ અસર' ની વિગતે ચર્ચા કરો.

◆◆◆

https://www.gujaratboardonline.com
Whatsapp @ 9300930012
Send your old paper & get 10/-
अपने पुराने पेपर्स भेजे और 10 रुपये पायें,
Paytm or Google Pay से